# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-12-2024 Day : Tuesday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## સુશાસન દિવસ મારી યોજના પોર્ટલ

આવતીકાલે 25મી ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિતે દેશભરમાં સુશાસન દિવસ ઉજવાશે.

રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર -NIC સાથે સંયુક્ત રીતે 'મારી યોજના' પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની 680 થી પણ વધુ યોજનાઓની માહિતી આ પોર્ટલ પર નાગરિકોને ઉપલબ્ધ થશે. આ પોર્ટલની મદદથી રાજ્યના નાગરિકો વિવિધ યોજનાઓથી માહિતગાર થશે તેમજ પોતાને લાગુ પડતી યોજનાઓનો લાભ પારદર્શક રીતે અને સરળતાથી મેળવી શકશે. મારી યોજના પોર્ટલ સરકારી કાર્યપદ્ધતિને વધુ સમાવિષ્ટ, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાની દિશામાં એક પહેલ છે.

------------------------------------------------------------------------------------

## ભુજ ખાતે સુશાસન દિવસની ઉજવણી

આવતીકાલે 25મી ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિતે દેશભરમાં સુશાસન દિવસ ઉજવાશે. સુશાસન દિવસ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આ સમગ્ર સપ્તાહ દરમિયાન સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આવતીકાલે સાંજે ૪ વાગ્યે ભુજ અદાણી ઓડિટોરિયલ જી.કે જનરલ હોસ્પિટલ ખાતે સુસાશન દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીમાં સુશાસનની ગાથા દર્શાવતી ટૂંકી ફિલ્મનું નિર્દેશન સાથે લાભાર્થીઓના પ્રતિભાવ તથા લાભાર્થીઓને ચેકનું હાથોહાથ વિતરણ કરવામાં આવશે.

------------------------------------------------------------------------------------

# કચ્છી સાહિત્ય અકાદમી

**કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભુજના સ્મૃતિવન ખાતે આવતીકાલથી કચ્છ સાહિત્ય ઉત્સવ શરૂ થશે. આ અંગે સાંભળીએ અહેવાલ**

**(વોઈસ કાસ્ટ-અશરફ નથવાણી)**

*કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભુજના સ્મૃતિવન ખાતે આવતીકાલથી બે દિવસીય કચ્છ સાહિત્ય ઉત્સવ યોજાશે. કચ્છી ભાષા અને તેમાં રચાયેલું સાહિત્ય નવી પેઢી સુધી પહોંચે તેવા આશયથી યોજાનાર આ કાર્યક્રમમાં 55 જેટલા કચ્છી સાહિત્યકારો, કલાકારો ભાગ લેશે. યુવાનો , વડિલો, બાળકો અને મહિલાઓ એમ તમામ વર્ગના કચ્છી માડુઓને ધ્યાનમાં રાખી કુલ 14 સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે પ્રથમ દિવસે કચ્છી ભાષાના સાહિત્યકારોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકથી નવાજવામાં આવશે. કચ્છી સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવે આજે ભુજમાં પત્રકાર પરિષદ યોજીને આ અંગે માહિતી આપી હતી.*

*બાઈટ... ડો. જયેન્દ્રસિંહ જાદવ, કચ્છી સાહિત્ય અકાદમી*

*આ ઉત્સવમાં કચ્છી લોકસાહિત્યની સાથે સાથે કચ્છીભાષા માટે કરવા જેવા કાર્યો , કચ્છી કવિતા, કચ્છી વાર્તા, કચ્છી લોકસંગીત, કચ્છી પત્રકારત્વ જેવા વિષયો પર ચર્ચા યોજાશે.*

*અત્રે ઉલ્લેખનીય છે કે, સાંસ્કૃતિ વૈવિધ્ય અને ભવ્ય વારસો ધરાવતા કચ્છ જિલ્લામાં મુખ્યત્વે કચ્છી ભાષા બોલાય છે. ત્યારે ગુજરાત સરકારે આ ભાષા સંરક્ષણ અને સંવર્ધન માટે કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના કરી છે. અકાદમી દ્વારા ગયા વર્ષથી શરૂ થયેલ કચ્છ સાહિત્ય ઉત્સવની આ બીજી આવૃતિ આવતીકાલથી યોજાશે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ*

---

## બાન્દ્રા--- ટર્મીનર્સ ગાંધીધામ સ્ટોપ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે બાન્દ્રાતે ટર્મીનસ ભુજ સુપર ફાસ્ટ સ્પેશીયલ ટ્રેનને ગાંધીધામ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે. 25મી ડિસેમ્બરના ભુજથી અને 26મીના બાન્દ્રાધાથી ઉપડનારી આ ટ્રેન ગાંધીધામ સ્ટેશને ઉભી રહેશે.

---

## ગ્રામ વિકાસ એજન્સી - શૌચાલય

આવતીકાલથી સુશાસન સપ્તાહની ઉજવણી શરૂ થઈ રહી છે. જેના અનુસંધાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ ભુજ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અમલી છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ્ય લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવાનો અને ગ્રામિણ વિસ્તારમાં વસતા લોકો આ યોજનાનો લાભ મેળવે તેમજ ખુલ્લામાં શૌચક્રિયા બંધ થાય તે છે.

ત્યારે છેલ્લા એક દાયકામાં જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય ૧૧૮૨૫૫ લોકોને રૂ.૧૪૧૯૦.૬૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવેલી છે.

આમ, કચ્છ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ દ્વારા શૌચાલય વિહોણા તમામ કુટુંબોને લાભ આપવામાં આવશે અને જિલ્લો ખુલ્લામાંથી શૌચમુક્ત બને તે માટેના વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

---

## હવામાન

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાન પર સર્જાયેલ સર્ક્યુલેશનની અસર તળે કચ્છ સહિત રાજ્યમાં 26 તારીખથી વાતાવરણમાં પલટો આવશે. તારીખ 29મી સુધી કમોસમી વરસાદની સંભાવના દેખાડવામાં આવી છે . તે વચ્ચે આજે 7.5 ડીગ્રી સાથે નલિયાનું લઘુતમ ઉષ્ણતામાન નોધાયું હતું. તો ભુજમાં ન્યૂનતમ પારો ફરી 10.6 ડીગ્રી ન્યુન્તમ ઉષ્ણતામાન નોંધાયું છે.

---